## એક્ઝિક્યુટિવ સારાંશ

## ચિત્તાકર્ષકપણે વયોવૃદ્ધ બનવું

## સમુદાયમાં ૨૫ વર્ષોની ઊજવણી

## સ્મરણિકા

૧૯૯૩માં સ્થપાયેલ સબકો, એશિયન વયોવૃદ્ધોની જરૂરિયાતોને પુરી કરતી પહેલી સંસ્થાઓમાંની એક હતી. પચીસ વર્ષ પછી, આજે સબકો હાલ પણ કાર્યરત હોય તેવી એશિયન વયોવૃદ્ધો માટેની સૌથી જૂની ધર્માદા સંસ્થાઓમાંની એક છે. માત્ર તેની અનોખી અને વૈવિધ્યપૂર્ણ સેવાની જોગવાઇઓ જ નહિ, સબકોનું સતત અસ્તિત્વ, તેને ટેકો આપનાર તમામ લોકોના પરિશ્રમ અને પ્રતિબદ્ધતાનો પુરાવો આપે છે. 'ચિત્તાકર્ષકપણે વયોવૃદ્ધ બનવું' કર્મચારીઓ અને સેવાનો ઉપયોગ કરનારાઓની પચીસ વર્ષોની યાદોને એકઠી કરીને રજૂ કરે છે. તેમના અનુભવો એશિયન સમુદાયના ન્યૂહેમ ખાતે, લંડન ખાતે, અને સમગ્ર બ્રિટેન ખાતેના ઇતિહાસનું વૃતાંત સામાજિક કાળજીની જોગવાઇના દષ્ટિકોણથી કરે છે. સબકોના સ્વયંસેવકોને વારસા કૌશલ્ય એકઠો કરવાની તાલીમ પુરી પાડવામાં આવી જેથી તેઓ તેમની વાર્તાઓ તેમના પોતાના શબ્દોમાં વર્ણવી શકે.

'ચિત્તાકર્ષકપણે વયોવૃદ્ધ બનવું'ને ઇસ્ટસાઇડ કોમ્યુનિટી હેરિટેજ સાથે ભાગીદારીમાં તૈયાર કરવામાં આવ્યો છે, અને હેરિટેજ લૉટરી ફન્ડના ટેકા થકી આગળ વધારાયો છે.

સબકોના સ્વયંસેવકોને ઇસ્ટસાઇડ કોમ્યુનિટી હેરિટેજ દ્વારા મૌખિક ઇતિહાસ નોંધવાની પદ્ધતિઓ માટે તાલીમ અપાઈ હતી. તેમણે કર્મચારીઓ, સેવા ઉપયોગમાં લેનારાઓ, અને તેમના પરિવારોના ઇન્ટરવ્યૂ લઈને સબકોના ઇતિહાસને નોંધવામાં મદદ કરી છે. આ યાદો સબકોની પચીસમી વર્ષગાંઠ નિમિત્તે તેની વાર્તા પ્રસ્તુત કરે છે:

"સબકોના ઇતિહાસને દસ્તાવેજમાં સમાવવો એક સારો વિચાર છે"

"આપણે સબકોની ૨૫મી વર્ષગાંઠ અનેક રીતે ઊજવી શકીએ, જેમકે વધુ લોકોને સુધી પહોંચવું, વધુ ચોપાનિયા વહેંચવા, અને વધુ પ્રવૃત્તિઓ કરવી"

"હવે મને એકલવાયું નથી લાગતું"

"મેં ૨૦૦૭માં સબકોમાં આવવાની શરુઆત કરી. મને મારા જી.પી. અને મારા શલ્યચિકિત્સક, જે મારી શસ્ત્રક્રિયા કરવાના હતા, તેમણે સબકો વિશે જણાવ્યું હતું; તેમણે મારે માટે સબકોની ગોઠવણ કરી..."

"મેં લગભગ ચાર વર્ષ પહેલાં સબકોમાં આવવાનું શરુ કર્યું. હું ઘણા, ઘણા સમયથી સબકો વિશે જાણતો હતો, પરંતુ મેં મારા સામાજિક કાર્યકર થકી નક્કી કર્યું કે હવે મારે ક્યાંક જોડાવું જોઈએ. કર્મચારીઓ હંમેશા મારું ધ્યાન રાખે છે"

“સબકો વિકલાંગ અને વંચિત લોકો માટે ખૂબ સારું છે.
તેઓ એકબીજાને મળી અને વાતચીત કરી શકે છે, મિત્રોને મળી શકે છે અને ફરવા જઈ શકે છે"

"મારા પતિએ તેમને સ્ટ્રોક (હ્રદયરોગનો હુમલો) આવ્યો પછી અહીં આવવાનું શરુ કર્યું. હું અહીં તેમની સાથે પાર્ટીઓમાં આવતી, અને અમે સાથે દરિયાકિનારે જતાં. આ બહુ સારી યાદો છે. તેઓ ગુજરી ગયા તે પછી મેં જાતે અહીં નિયમિતપણે આવવાનું શરુ કર્યું..."

સબકો પેઢીઓને આવરી લેનારું છે. તેની સેવાનો ઉપયોગ કરનારાઓના પરિવારોને ટેકો આપવા ઉપરાંત, સબકો યુવા લોકોને કેન્દ્રમાં આવકારે છે, જેથી તેઓ તેમના વયસ્કો પાસેથી શીખી શકે, અને વયસ્કો તેમની પાસેથી શીખી શકે:

"અમે આવા કાર્યક્રમો નાના બાળકો સાથે કરીએ છીએ"

અમને તેમની હાજરીમાં નાના હોવાનો અનુભવ થાય છે. અમને તેમની સાથે કામ કરવાની અથવા તેમની સાથે રમવાનો, કે પછી તેઓ જે પણ કરે તેમાં આનંદ આવતો. તેનાથી અમારી ઉંમર ઘટી ગઈ હોવાનું લાગતું"

"થોડાં સમય પહેલા એક યુથ ક્લબ હતું અને યુવાવર્ગ અહીં આવતો હતો"

"તેમણે વયોવૃદ્ધ લોકો માણી શકે તે માટે નવા સત્રો શરુ કર્યા.
યુવા લોકો પણ ક્યારેક સબકો ખાતે આવે છે. અમે નાના કૂંડાઓમાં ફૂલો વાવ્યા.
મને બાળકો સાથે કામ કરવાનું ગમ્યું"

"હવે સબકો એક જાણીતી જગ્યા બની ગઈ છે"

આ પ્રોજેક્ટ દરમ્યાન અમે સબકો ખાતે અને સમુદાયમાં સંસ્મરણો અને યાદોના કાફે સત્રો યોજ્યાં. અમે સબકોના ઇતિહાસ અને સ્થાનિક વિસ્તારની અમુક અદ્ભુત યાદોને પાછી જીવંત કરવા માટે ‘યાદોનું વૃક્ષ’ પ્રવૃત્તિની મદદ લીધી, ઉદાહરણ તરીકે:

તમારી સબકો વિશેની પહેલી યાદ શું છે?

તમે સબકો સાથે કઈ સહેલગાહો પર ગયા છો?

તેમને ખાસ બનાવે તેવી વાતો કઈ હતી?

સબકો આટલા વર્ષોમાં કેટલું બદલાયું છે?

શું મકાન અથવા લોકો બદલાયા છે?

તમને શું લાગે છે, સબકોએ ભવિષ્યમાં શું બદલાવો કરવા જોઈએ?

તમે ન્યૂહેમ રહો છો ત્યારથી અહીં કેટલો બદલાવ આવ્યો છે?

ભવિષ્યમાં તે બદલાઇને કેવું થશે તે અંગે તમે શું માનો છો?

સબકોના ઇતિહાસ વિશે વધુ જાણવા માટે કૃપા કરીને પ્રોજેક્ટ વેબસાઇટની મુલાકાત લો, જ્યાં તમે વધુ ચિત્રો તેમજ ઇતિહાસ અંગેના મૌખિક ઇન્ટરવ્યૂના અવતરણો જોઈ શકશો.

સબકોની સ્થાપનાથી લઈને આજે તે જે નક્કર કાર્યોમાં પ્રવૃત્ત છે, તેના વર્ણનનો અહેવાલ બનાવવા, દસ્તવેજમાં સમાવવા અને પ્રસિદ્ધ કરવાના પ્રોજેક્ટને ટેકો આપવા બદલ સબકો, ઇસ્ટસાઇડ કોમ્યુનિટી હેરિટેજ અને હેરિટેજ લૉટરી ફન્ડનો આભાર માનવા માંગે છે.

અમે તે તમામ લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માંગીએ છીએ જેમણે પ્રોજેક્ટ દરમ્યાન ઇતિહાસ અંગેના મૌખિક ઇન્ટરવ્યૂમાં ભાગ લીધો, તેમની યાદો અમારી સાથે વહેંચવા માટે તેમનો સમય આપ્યો.

છેલ્લે, સબકોના આ તમામ સ્વયંસેવકો અને કર્મચારીઓનો આભાર, જેમણે આ પ્રોજેક્ટમાં આટલી બધી મહેનત અને નિષ્ઠાથી કામ કર્યું.

CHAIRPERSON: RAMESH DADWAL
COMPANY LIMITED BY GUARANTEE NO. 3031652

CHIEF EXECUTIVE: TASKIN SALEEM
REGISTERED CHARITIES NO. 1045237